# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૦૯ • તા.૧૧ મે થી ૧૭ મે ૨૦૨૪







**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## જ્ઞાતિની વિરાસત જતન માટે આજની માંગ એટલે

# કેડીઓ ગ્લોબલ વિલેજ





Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555


www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-ઃ સંપાદક ગણ ઃ-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-ઃ કાર્યાલય ઃ-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ ઃ** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# સ્ત્રી એટલે ઘરનો પાયો

કોઈ વિચારક એ ખરું કહ્યું છે કે પુરૂષ ચાર દિવાલો ઉપર છાપરું બાંધીને મકાન બનાવી શકે છે. પણ આ મકાનને ઘર સ્ત્રી બનાવે છે. ત્યાગ, સમર્પણ અને સુશ્રુષા ભાવથી એ આ કામ સુપેરે કરી શકે છે. વિધાતાના નવનિર્માણની કળાકૃતિનો પર્યાય એટલે સ્ત્રી. અસ્તિત્વની ઉજવણી કરી જાતે સંઘર્ષ પથ પર પ્રકાશ પુંજ પાથરનારી વ્યક્તિ એટલે સ્ત્રી. જિંદગીના રંગમંચ પર રિહર્સલ વગર પૂર્વ લેખિત સ્ક્રીપ્ટ વગર પોતાની ભૂમિકા સફળતાપૂર્વક નિભાવતું ઈશ્વરનું અદ્‌ભૂત સર્જન એટલે સ્ત્રી.

છેલ્લા બાર માસ ઉપરાંતથી કોરોનાના કપરા કાળના સમય ગાળા દરમ્યાન આર્થિક, માનસિક શારીરિક એમ ત્રિવિધ કષ્ટ ઝેલીને પરિવાર માટે આધારસ્તંભ બનીને અડગ અને અડીખમ ઊભી છે. ન કોઈ સાપ્તાહિક છૂટી, ન કોઈ વેકેશન, ન કામ ફરજના કોઈ નિશ્ચિત કલાકો તે છતાં ૨૪×૭×૩૬૫ દિવસ અખંડ અને અવિરત રોબોટની જેમ યંત્રવત અને ઘરના દરેક નાના મોટા સભ્યોને સંતોષ તેમજ સમાધાનપૂર્વક સગવડો કરી આપે છે. જેમાં તેઓને ફરિયાદનો કોઈ મોકો પણ મળતો નથી. તેની સામે એને શું મળે છે? એનો કોઈ વિચાર કર્યો છે ખરો?

અત્યારની સ્ત્રી ભણી ગણી ડિગ્રી પ્રાપ્ત કરેલ છે. પોતાના જ્ઞાન, શિક્ષણ અને યોગ્યતાના બળે પગભર પણ છે. અગાઉના સમયમાં ઘરની દીકરી ભણતરમાં હોંશિયાર હોવા છતાં તે વધુ આગળ કેળવણી મેળવે એ માટે માવતરો નાખુશ રહેતાં છોકરીને વધુ ભણીને શું કરવું છે. આખરે સાસરે જઈ ચૂલા ચોકા જ કરવા છે ને? રસોઈ અને ઘરકામમાં માહિર હોવું એ જાણે પ્રત્યે દીકરીની યોગ્યતા ગણાતી. દરેક પુત્રીને તું તો પારકી થાપણ કહેવાય. એવું કહીને એ આ ઘરમાં ટૂંક સમય માટે જ છે એવી વિચાર ભાવના જણાવાતી. સ્ત્રી શારીરિક રીતે કમજોર નથી હોતી કે નથી હોતી માનસિક રીતે. પણ પુરૂષ સમાજ તેને કમજોર ગણાવી તેની શક્તિને બહાર પ્રગટ કરવા નથી દેતો. એટલે જ્યારે તેને મોકો મળે ત્યારે પૂરે પૂરી રીતે પોતાની આંતરિક પ્રતિભા બહાર છલકાવી દે છે અને પોતે પુરૂષથી સહેજે ઉતરતી નથી એ સાબિત કરી દે છે.

મનુ સ્મૃતિમાં વેદકાળથી यत्र नार्यस्तु पूज्यन्ते, रमन्ते तत्र देवता એમ કહેવાયું છે. એટલે જે પરિવારમાં સ્ત્રીની શક્તિની, તેની ભાવનાની કદર થાય છે, સન્માન થાય છે ત્યાં દેવો પણ નિવાસ કરે છે. તો આજનો કવિ એવું લખ્યું છે કે अपमान मत करना, नारीयों का इनके बल पर जग चलता है, पुरुष जन्म लेकर तो इन्हीं की गोद में पलता है।

જે ઘર આંગણામાં બીજ બનીને રોપાઈ વીસ બાવીસ વર્ષ ઉછરી પરિપક્વ વૃક્ષ બનીને મહોરે ત્યાંથી ઉખડીને અન્ય આંગણામાં નવી જમીન, નવા માહોલમાં નવા ખાતર પાણીથી સેટ થાય છે. એમ નવો પરિવાર, નવા સંસ્કાર, નવા આચાર વિચારમાં ભળી જેમ સરિતા સાગર સમાઈ જાય છે એમ ભળી જાય છે. આ ત્યાગ, સમર્પણ કેવળ સ્ત્રી જ કરી શકે છે એટલે જ ઘરનો પાયો સ્ત્રી છે. જેની ઉપર ઘરનો ભાર, મદાર અને આધાર રહેલો છે.

-જય જ્ઞાતિમૈયા

# દશાઈ જ્ઞાતિની સંસ્કૃતિ અને વિરાસત સાચવણી માટેનો પ્રયાસ : કેડીઓ ગ્લોબલ વિલેજ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

સમયની વણથંભી દોડનો ભોગ સૌ કોઈ થઈ રહ્યાં છે. લોકો ગામડાઓથી શહેર તરફ તો શહેરના લોકો મેટ્રો શહેર તરફ દોટ મૂકી રહ્યાં છે. પરિવર્તન આ પ્રવાહમાં કોઈ વ્યક્તિ, જ્ઞાતિ કે સમાજ બચી શકયો નથી. દરેકે દરેક પોતાનો અસ્તિત્વ બચાવવા પ્રયાસ રત છે. જેમ જેમ શિક્ષણ લેવાનું પ્રમાણ વધયું છે. ટેકનાલોજીનો વિકાસ થયો છે. વિજ્ઞાન નિત નવી શોધ ખોળ કરી રહ્યો છે જેને લીધે દરેકના વિચારોમાં પણ પરિવર્તન આવતું ગયું છે. સમય બચે એના ચક્કરમાં પરંપરા, રિવાજોનો ભોગ લેવાઈ રહ્યો છે. આ બધું કયાં જઈને અટકશે?

માદરે વતન કચ્છમાં આપણા ગામોમાં વારસાઈ મકાનો, જમીન, સંપત્તિઓ વસતીના અભાવે સૂની પડી રહે છે. તેનો અન્ય સમુદાયોના આક્રમણોથી બચે તેવા ઉપાય કરવા જરૂરી છે. દેરાસરો સૂના પડયા છે. પૂજારીઓ મળવા મુશ્કેલ છે. અતિથિગૃહ, પાંજરાપોળ સાચવવા વિશ્વાસુ વ્યક્તિઓની મુશ્કેલી છે. મહાજનની પેઢી સંભાળવવા અન્ય જ્ઞાતિના લોકોને રાખવા પડે છે. બીજી સમસ્યા આજની યુવા પેઢી સમાજથી વિમુખ થતી જાય છે. શિક્ષણ જ્ઞાન મેળવવાની લાયમાં કારકિર્દી ઘડવાની ફિકરમાં જ્ઞાતિ સમાજ તો ઠીક પરિવારથી પણ અળગો થતાં જતાં આપણા સંતાનો આપણી સંસ્કૃતિ, સંસ્કાર અને પરંપરાને જાળવશે ખરા? આ પ્રશ્ન આપણને થાય છે.

જ્ઞાતિનો ઈતિહાસ કયાંથી પ્રારંભ થયો. આપણા મૂળીયા કયાંથી શરૂ થઈ કયાં કયાં વિસ્તર્યા એ જાણવું અને જાળવવું જરૂરી છે. આપણી ઓળખ આપતાં પહેરવેશ, રીત રિવાજ, રાંધ, રાસ ધમાલ, વાનગીઓ, પરંપરા ગૌત્ર વંશનો વૃક્ષ, આપણા પૂર્વજ શ્રેષ્ઠીઓ, ગૌરવ પુરુષો, કવિ લેખક, પત્રકાર, કલાકારો, ઉદ્યોગપતિઓ, સમાજસેવકોનું કાર્ય ભવિષ્ય માટે સચવાય એ જરૂરી છે. જે માટે મ્યુઝીયમ કે આર્કાવાઈઝ હોવી જોઈએ.

આ બધી સાચવણી પ્રસ્તાવિત કે.ડી.ઓ ગ્લોબલ વિલેજમાં થાય એ પ્રકારનું આયોજન છે. ડિજીટલના ઉપયોગથી ઓડીયો,વીડિયોનો ઉપયોગ કરી, એ-આઈ આર્ટિફીશીયલ ઈન્ટલીજન્સ ટેકનોલોજીના માધ્યમથી દસ્તાવેજી કરણ કરવું વધુ સુગમ થશે. અબડાસા વિસ્તારમાં આપણી વસતીના ગામોના સેન્ટરમાં રોડ ટચ વિવિધ સગવડો, વિવિધ આકર્ષણોથી સજ્જ વિલેજ એ અન્યો માટે પ્રેરણારૂપ બનશે એ નિશ્ચીત છે. વિવિધ પ્રસંગો ઉજવવા , પીકનીક પ્રવાસ માટે, ધાર્મિક આયોજન સાથે હવા ફેર માટે પણ આ કેન્દ્ર આકર્ષણ બનશે.

બાળકો, મહિલાઓ અને યુવા પેઢી અહીં વારંવાર આવવા લલચાય એવી વ્યવસ્થા પણ થશે, સગવડો ઊભી કરાશે. ઈન્વેસ્ટરોને પણ પોતાની મુડી રોકવી લાભપ્રદ થઈ રહેશે. આ માટે પ્રેરણા દાતા સહયોગી તરીકે યોજનાનો પાયો બનશે. જેઓ ત્રણ વર્ષ માટે રૂ.૧૦ લાખ રિફંડેબલ રકમ આપી સહાયક બનશે. પ્રકલ્પ પૂર્ણ થયા બાદ તે દાતાશ્રીઓની કાયમી તકતી તેમના સહયોગનું સંભારણું સાચવશે.

આ પ્રકલ્પ ઊભું થાય એ સમસ્ત મહાજનનું સ્વપ્ન છે. જે પ્રત્યેક જ્ઞાતિજનોનું બને જેથી આપણે સૌ તન-મન-ધનથી એમાં સહયોગી થઈ શકીએ. સુપ્રસિદ્ધ મજરૂહ સુલતાન પુરીના શબ્દો પ્રેરણા આપે એવા છે.

**મૈં અકેલા હી ચલા થા, જાનિબ-એ મંજિલ મગર, લોગ સાથ આતે ગયે ઔર કારવાં બનતા ગયા...**


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

ARIHANT BANK

SHRI ARIHANT CO-OP. BANK LTD.

1st February - 30th June 2024

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

HOME LOAN

CAR LOAN

eAUTO LOAN

2 WHEELER LOAN

***7.49%**
(p.a.)

GOLD LOAN

COMMERCIAL VEHICLE LOAN

EDUCATION LOAN

LOAN AGAINST INSURANCE POLICY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) |
|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 |

| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
|---|---|---|---|---|---|
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank

KDO

# સમસ્ત મહાજનનો દિવ્ય સ્વપ્ન એટલે કેડીઓ ગ્લોબલ વિલેજ





*નિશિથ દંડ દ્વારા*

કેડીઓ ગ્લોબલ વિલેજ પ્રકલ્પ કચ્છ અને આપણી વસતીના ૪૨ ગામોના સમૃધ્ધ સાંસ્કૃતિક વારસાને જાળવવાના હેતુ ધરાવતું એક સ્વપ્ન દ્રષ્ટા પ્રોજેક્ટ છે. જે પ્રવાસનમાં વધારા સાથે આર્થિક, સામાજિક વિકાસને પ્રોત્સાહન પુરું પાડશે. આ પહેલ એ રીતે નોંધપાત્ર થશે જેનાથી કેડીઓ જ્ઞાતિના યુવાઓ આમાં જોડાશે. જ્ઞાતિની યુવાપેઢી રસપૂર્વક જોડાય અને આપણી પરંપરાઓ અને વારસાનું જતન કરે એ આપણે ઈચ્છીએ છીએ. આપણી પરંપરાઓ અને વિરાસતનું સાતત્ય અને સુસંગત સાચવણી યુવા પેઢી જ કરી શકશે.

આ પ્રોજેક્ટનો હેતુ આપણી વારસાગત અનોખી સંસ્કૃતિ અને ઐતિહાસિક વારસાને જાળવી રાખવાનો છે. આપણી વિશિષ્ટ પરંપરાઓ, રીત રિવાજો અને આપણી જ્ઞાતિના વિરલ મહાનુભાવોના યોગદાનનું સંભારણું જાળવી રાખી ભવિષ્યની પેઢી ગર્વ અનુભવે એવો ધ્યેય ધરાવીએ છીએ.

કેડીઓ ગ્લોબલને વિલેજને માત્ર પ્રવાસ માટે આકર્ષણ બનાવવા કરતાં પણ વધુ વિશિષ્ટતાઓ ઉમેરી એ પ્રકારે મૂર્તિમંત કરાશે. કેડીઓ ગ્લોબલ વિલેજની કલ્પના જીવંત મ્યુઝિયમ અને વિવિધ પ્રવૃત્તિઓના હબ તરીકે કરવામાં આવી છે. જેનાથી આપણી જ્ઞાતિના દરેક વય અને વર્ગના યુવાનોથી લઈને વૃધ્ધો, સ્થાનિક વેપારીઓ, મુલાકાતીઓ અને યાત્રાળુઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનશે.

ગ્લોબલ વિલેજનું કેન્દ્રીય આકર્ષણ કેડીઓ મ્યુઝિયમ હશે. આ મ્યુઝિયમ માત્ર સંસ્કૃતિ ભંડાર તરીકે જ નહીં પણ ઓડિયો વિઝ્યુઅલ્સ, ફોટોગ્રાફ, શિલ્પો, મોડલ્સ સહિત પ્રદર્શન દ્વારા મુલાકાતીઓને માહિતી સભર કરશે. જાણકારીથી સમૃધ્ધ કરશે. આ પ્રદર્શનમાં આપણા સમાજના પ્રતિષ્ઠિત કલાકારો, કવિ-લેખકો, ઈતિહાસકારો, ઉદ્યોગપતિઓના જીવન કવન અને તેમની સિધ્ધિઓને હાઈલાઈટ કરી આપણી જ્ઞાતિનો ભૂતકાળ સમૃધ્ધ હતો તે ઉજાગર કરશે. આ સંગ્રહાલય સ્થાનિક સાથે પ્રવાસીઓને આપણા ભવ્ય ભૂતકાળથી અવગત કરશે. જેનાથી સાંપ્રદાયિક ગૌરવ અને કેડીઓની ભવ્ય વિરાસતનું જ્ઞાન સૌને થશે.

કેડીઓ ગ્લોબલ વિલેજ વધુમાં વધુ મુલાકાતીઓને આકર્ષે તેની પૂરી ખાતરી રાખવા સદર પ્રોજેક્ટમાં સુવિધા યુક્ત વિવિધ યોજના બધ્ધ વિશાળ શ્રૃંખલાઓનો સમાવેશ કરાશે. તમામ નાની મોટી ઈવેન્ટ યોજી શકાય એ માટે કોમ્યુનિટી હોલ, લગ્ન માટે પાર્ટી પ્લોટ, પિકનિક માટે ગ્રીન ગાર્ડન્સ, કૃત્રિમ તળાવ, મનોરંજન માટે ગેમ

# સમસ્ત મહાજનનો દિવ્ય સ્વપ્ન એટલે કેડીઓ ગ્લોબલ વિલેજ





ઝોન જેવી મુકરર જગાઓ હશે. આધુનિક ગેસ્ટ હાઉસ, રેસ્ટોરન્ટનો સમાવેશ જે ઉચ્ચ ગુણવતા ધરાવતા આવાસ સાથે ભોજનની સુવિધા પ્રદાન કરશે. જે સર્વોત્તમ પ્રકારે પર્યટન મથક તરીકે પ્રમોટ કરશે.

તે ઉપરાંત ગ્લોબલ વિલેજમાં ઈ-ટેક્સી, ઈ-સ્કૂટર, ઈ-રિક્ષા-છકડા જેવા ઈકો ફ્રેન્ડલી પરિવન માટે વિકલ્પો જે આજુબાજુના ગામડાઓ વચ્ચે સરળ મુસાફરી માટે સુવિધાજનક વિકલ્પ આપશે. આજની જરૂરિયાત જેવું ડિજિટલ સેન્ટર સતત નેટવર્ક પ્રદાન કરશે અને તે અવિરત મળે એની ખાતરી કરવા તકનિકી જરૂરિયાતોની સગવડ પણ હશે. સુસંકલન બધ્ધ રહેણાંક સંકુલ, જેમાં વિવિધ રીતે ડિઝાઈન કરાયેલા બંગલાઓ અને એપોર્ટમેન્ટનો સમાવેશ હશે. જે અહીં રહેવા માટે સાથો સાથ રોકાણકર્તાઓ આ બંન્ને આકર્ષશશે એની ખાતરી છે.

કેડીઓ ગ્લોબ વિલેજને ખાસ બનાવે છે તે છે સામુદાયિક જોડાણ અને વિકાસમાં તેનો પાયો છે. આ પ્રોજેક્ટ પ્રત્યેક કેડીઓના રચનાત્મક સૂચનો અને સક્રીય યોગદાનના આધારે વિકસિત કરવા માટે રચાયેલ છે. તે સુનિશ્ચિત કરે છે કે તે એક પ્રતિબિંબિત અને કાર્યાત્મક જગ્યા બની રહે જે જ્ઞાતિ સમુદાયની ઈચ્છા આંકાક્ષા અને જરૂરિયાતોને પૂર્ણ કરે. નિષ્કર્ષમાં એટલુ જ કે કેડીઓ ગ્લોબલ વિલેજ એ માત્ર એક પ્રોજેક્ટ નથી. તે ભૂતકાળ અને ભવિષ્યને જોડતો મહત્વનો પ્રયાસ છે. આધુનિક સુવિધાઓ અને સમાજના સામુદાયિક જોડાણ સાથે કચ્છની સાંસ્કૃતિક પરંપરા જાળવણીને જોડીને દશાઈ જ્ઞાતિના વારસાની જાળવણીમાં વધારો કરશે એટલું જ નહીં પણ ભાવિ પેઢી દ્વારા તેની સાચવણી તેમજ પ્રતિબધ્ધતાની ખાતરી પણ કરાવશે. આ પ્રોજેક્ટની પહેલ કેડીઓ સમુદાયની સમૃધ્ધ સંસ્કૃતિ, સંસ્કાર અને વારસાને ઉન્નતપણે ટકાવી રાખવા માટે સમર્પિત છે.

# KDO Global Village: A Divine Dream of Samast Mahajan







The KDO Global Village initiative represents a visionary project aimed at preserving the rich cultural heritage of Kutch and its 42 villages, while fostering economic and social development through increased tourism. This initiative is especially significant as it seeks to engage the younger generation in the KDO community, thus ensuring the continuity and relevance of our traditions and legacy.

At the heart of this project is the goal to preserve the unique culture and historical legacy of Kutch. By creating a space that highlights our traditions, customs, and the significant contributions of our community members, we aim to instil a sense of pride and continuity among the KDO members. The KDO Global Village is designed to be more than just a tourist attraction; it is envisioned as a living museum and a hub of activity that resonates with every segment of our community, from the youth to the elderly, and from local business people to visitors and pilgrims.

# KDO Global Village: A Divine Dream of Samast Mahajan



A central feature of the Global Village will be the KDO Museum. This museum will not only serve as a cultural repository but will also educate visitors through a variety of exhibits including audio-visuals, photographs, sculptures, and models. These exhibits will showcase the remarkable history of our caste, highlighting the lives and achievements of distinguished artists, poets, historians, and industrialists from our community. The museum will play a crucial role in educating both locals and tourists about our glorious past, thus enhancing communal pride and knowledge.

To ensure the KDO Global Village caters to a broad audience, the project plans include a wide array of facilities. These range from a large community hall capable of hosting events of all sizes, to recreational spaces such as a party plot for weddings, green gardens for picnics,






# KDO Global Village: A Divine Dream of Samast Mahajan





an artificial lake, and a game zone. The inclusion of modern guest houses and a restaurant will provide high-quality accommodation and dining experiences, promoting the area as a desirable tourist destination.

Moreover, the village will be equipped with eco-friendly transportation options like e-taxis and e-scooters, facilitating easy travel between villages. A digital centre will provide continuous network access, ensuring that all technological needs are met, while the planned residential areas, including uniquely designed bungalows and apartments, will attract both residents and investors.





# KDO Global Village: A Divine Dream of Samast Mahajan





What makes the KDO Global Village particularly unique is its foundation in community input and development. The project is designed to evolve based on the suggestions and contributions of the KDO members, ensuring that it remains a reflective and functional space that meets the needs and aspirations of the community.

In conclusion, the KDO Global Village is not just a project; it is a forward-looking endeavour that bridges the past and the future. By combining cultural preservation with modern amenities and community engagement, the village will not only enhance the visibility of Kutch's heritage but also ensure its relevance and appreciation by future generations. This initiative stands as a testament to the dynamic spirit of the KDO community, dedicated to celebrating and sustaining its rich cultural and historical legacy.

**- by Nishith Dand**





ઘર જેવું જમવા પધારો...

# ભુજમાં સૌથી સસ્તું અને સારૂં

**ઘર જેવું જમવા એક વખત પધારી ખાત્રી કરો. શુદ્ધ-શાકાહારી-સ્વાદિષ્ટ અને ચટાકેદાર ભોજન જમવા આજે જ પધારો.**

- શુદ્ધ–સ્વાદિષ્ટ–ચટાકેદાર ભોજન જમવા આજેજ પધારો.
- સવારે ચા–નાસ્તો, બપોરે તથા સાંજે રાત્રે જમવાનું ચાલુ છે. ટીફીન સેવા પણ ચાલુ છે.
- માસિક–છૂટક જમવાનું ચાલુ છે.
- ઘર જેવું જમવાનું, ભાવતા ભોજનીયા, જમવા આજે જ પધારો.
- એકદમ વ્યાજબી ભાવ. ભુજમાં સૌથી ઓછા ભાવે ફુલ ભાણું જમવા આજે જ સંપર્ક કરો.
- બહારનાં નાના–મોટા ઓર્ડર ઉપર ખાસ ધ્યાન આપવામાં આવશે.



સંપર્ક :

**અતુલભાઈ મોતા**

મો. ૯૬૧૯૨૮૨૦૯૬

૯૦૮૨૮૬૦૦૨૮

**કચ્છ આવતા શ્રીસંઘો તથા પ્રવાસીઓ માટે રહેવા–જમવાની વ્યવસ્થા ઉપલબ્ધ છે.**

# એકમ–ભવન (ભુજ–કચ્છ.)

**એકમ-ભવન (ભુજ–કચ્છ.) મધ્યે રહેવા-જમવાની સાથે ડાઈનીંગ હોલ બેંકવેટ હોલ તથા રૂમોની પણ સુંદર સવલતો ઉપલબ્ધ છે.**

હોલનું ભાડું એકદમ વ્યાજબી જે સૌ કોઇને પરવડે
હોલ ભાડે તથા રાત્રીરોકાણ માટે રૂમો ભાડે મળશે.

**હોટલ ઈલાર્ક પાછળ, સ્ટેશન રોડ, ભુજ-કચ્છ.**

**સંપર્ક : ૦૨૮૩૨-૨૨૫૬૯૪ મો. ૯૪૨૮૮૧૩૮૬૪**

# ડોંબિવલી મંડળ અને શ્રી તરૂણ મિત્ર મંડળ દ્વારા રક્તદાન શિબિર તેમજ ટીમનું સન્માન કરવામાં આવ્યું





તા.૫ મે ૨૦૨૪ રવિવારના રોજ શુભમ હોલ ડોંબિવલી (પૂ) ખાતે શ્રી તરૂણ મિત્ર મંડળ-ડોંબિવલી દ્વારા આયોજિત રક્તદાન શિબિરમાં આમંત્રણને માન આપી શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ ડોમ્બીવલીના પ્રમુખશ્રી મહેન્દ્ર મેઘજી મોતા (વારાપધર), માનદમંત્રી શ્રી અનુજ ગિરીશ લોડાયા (રવા), શ્રીમતી નેહલ બેન વિકેશ ધરમશી (કોઠારા), શ્રી કલ્પેશ ત્રિકમચંદ દંડ (લાલા), શ્રી રાકેશ અભય મેશેરી (મોટી સિંધોડી) ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી ખુશાલભાઈ ગડા (તરૂણ મિત્ર મંડળ) દ્વારા મંડળની ટીમનું સન્માન કરવામાં આવેલ અને પોતાના મંતવ્યમાં પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ મોતા તરૂણ મિત્ર મંડળ દ્વારા કરતા સામાજિક કાર્યની પ્રશંસા કરેલ અને દરેક સામાજિક કાર્યમાં ક.દ.ઓ.મંડળ સાથે જ છે એવું જણાવેલ.

## શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલીના શૈક્ષણિક વિભાગના ચેરમેન અર્ચનાબેન અમિત ખોનાએ ૨૫મી વખત રક્તદાન કરતાં સન્માનિત થયા

શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ ડોંબિવલીના શૈક્ષણિક વિભાગના ચેરમેન શ્રીમતી અર્ચના અમિત ખોના (નલિયા) એ તા.૫ મે રવિવારના શ્રી તરૂણ મિત્ર મંડળના ડોંબિવલી સેંટર દ્વારા રક્તદાન શિબિરમાં ૨૫મી વાર રક્તદાન કરેલ. આ સિધ્ધિ નોંધાવવા બદલ તેમનું શ્રી તરૂણ મિત્ર મંડળ તરફથી બહુમાન કરવામાં આવ્યું. માનવ સેવા માટે સમર્પિત આ સેવા સિધ્ધિ બદલ અર્ચનાબેન ખોનાને સમસ્ત મહાજન તરફથી હાર્દિક અભિનંદન.






## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# પ.પૂ.સાધ્વીશ્રી વંદનાગુણાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના ૧૯મા વર્ષમાં પ્રવેશ



વિક્રમ સંવત ૨૦૬૨ના ચૈત્રીવદ ૯ તિથિ દિને જખૌના માવિત્ર માતુશ્રી ભાગ્યલક્ષ્મીબેન નીતિનભાઈ નાગડાના ગુણ સંસ્કારી પુત્રી સાંયરા નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા સ્વીકારી ગુરૂવર્યા પ.પૂ.સાધ્વીશ્રી મૌનગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે પ.પૂ.સા.શ્રી વંદનાગુણાશ્રીજી મ.સા. તરીકે નૂતન ઓળખ સ્વીકારી સંયમજીવનનો પ્રારંભ કર્યો.

પૂજ્ય સાહેબ ધર્મ. તપ, ત્યાગ અને આરાધનાના વિકટ માર્ગે આગળ વધતા રહી સંયમ જીવનના ૧૮ વર્ષ સફળ રીતે પૂર્ણ કરી ૧૯મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. ત્યારે સૌ ભક્તોની અંતરની ભાવના છે કે પૂજ્ય સાહેબ રજત, સુવર્ણ, હીરક અમૃત વર્ષ ઓળંગી શતક વર્ષના સિધ્ધિ શિખરે બિરાજે એવી મંગલકામના. હૃદયના ભાવના સાથે શત શત વંદના.

# પ.પૂ.સાધ્વીશ્રી અર્હયશાશ્રીજી મ.સા.નો સંયમજીવનના ૮મા વર્ષમાં પ્રવેશ



વિક્રમ સંવત ૨૦૭૮ના ચૈત્ર વદ ૧૨ તિથિએ સાંયરા ગામના માવિત્ર માતુશ્રી હિનાબેન રાજેનભાઈ લોડાયાની ધર્મ સંસ્કારી પુત્રી ઘાટકોપર ઉપનગરમાં અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા ગ્રહણ કરી ગુરૂમૈયા પ.પૂ.સાધ્વીશ્રી અનંતયશાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ પ.પૂ.સાધ્વીશ્રી અર્હયશાશ્રીજી મ.સા. ધારણ કરી સંયમજીવન પથ પર વિચરણ શરૂ કર્યું.

આજે વિક્રમ સંવત ૨૦૮૦ના ચૈત્રવદી ૧૨ તિથિ દિને પૂજ્ય સાહેબ સંયમ જીવનના સાત વર્ષ ધર્મ, તપ, ત્યાગ અને આરાધના ભક્તિ કરતાં પૂર્ણ કરી આઠમા વર્ષમાં મંગળ પ્રવેશ કર્યો. આ મંગળ ઘડીએ સર્વે ગુરૂ ભક્તોની મંગલ કામના કે સાહેબજી અવિરત આગળ વધતા રહી દસક, રજત, સુવર્ણ વર્ષ પસાર કરી હીરક તથા અમૃત વર્ષથી આગળ વધી સિધ્ધિ શિખર શતક વર્ષ પર બિરાજમાન થાય એ ભાવના સાથે શત શત વંદના.

# ડોંબિવલીમાં શિબિરનું ત્રણ દિવસનું આયોજન સંપન્ન થયું

તા.૨૭ થી ૨૯ એપ્રિલ સુધી સવારના ૧૦ થી સાંજ ૫ કલાક સુધી સરકારી યોજનાના લાભ લેવા માટે નિઃશુલ્ક દાખલા શિબિર ઈચ્છુકોને આપવાની શિબિર શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ ડોંબિવલી દ્વારા ડોંબિવલીકર પ્રતિષ્ઠાનના સહયોગથી રાજ્યના કેબિનેટ મંત્રી રવીન્દ્ર ચવાણના જનસંપર્ક કાર્યાલય જાણતા રાજા સ્વ.સાવરકર ઉદ્યાન સાવરકર રોડ, ડોંબિવલી (પૂર્વ) સ્થળે યોજાઈ હતી.

શિબિરમાં દાખલાઓ જેવા કે આયુષ્યમાન ભારત યોજના, ડોમિસાઈલ સર્ટિફિકેટ સિનિયર સિટીઝન કાર્ડ, દિવ્યાંગ દાખલા અને ઉદ્યોગ આધાર જેવા સરકારી યોજના માટેના દાખલાઓ ક.દ.ઓ.જ્ઞાતિજનો મેળવી વધુમાં વધુ લાભ લે એ હેતુસર આ શિબિર યોજાઈ હતી.

જે તે યોજનાના દાખલા માટે ક્યા ક્યા આધાર પુરાવા તથા ફોટા લાવવા તેની અગાઉથી માહિતી અપાઈ હતી. અગાઉથી નામ નોંધણી માટે શ્રીમતી પ્રિયાબેન મોમાયા, શ્રીમતી ભાવનાબેન મોમાયા, મનીષ કાંકણ તથા ધવલ પોલડીયા સહયોગી થયા હતા. વ્યવસ્થાપક સમિતિ વતી પ્રમુખ મહેન્દ્ર મેઘજી મોતા વારાપધ્ધરએ સમગ્ર આયોજનનું સંકલન કર્યું હતું.

# શ્રી સુથરી જૈન સંઘ દ્વારા ચાતુર્માસ આરાધના કરવા પધારવા માટેની સૂચના

## શ્રી સુથરી જૈન સંઘ

### ચાતુર્માસ માટે પધારનાર આરાધકો માટે અરજપત્ર

ફોટો

નામ: ______________________________
(નામ) (પિતા/પતિ) (અટક/ઓળખ)

કચ્છમાં ગામ: ____________ કાયમી વસવાટ: ____________

સરનામું: ______________________________

______________________________

મોબાઇલ નં./વોટસએપ નં.: ______________________________

ઉંમર: ________ વર્ષ જન્મ તારીખ: ____________ સ્ત્રી / પુરૂષ

તમારા નજદીકના સંપર્ક નં.: ____________ પરિવારજનોના સંપર્ક નં.: ____________

હાલમાં ચાલી રહેલી તપસ્યાઓ: ______________________________

આરાધકની વિશેષ કે અન્ય કોઇપણ વર્તમાન બિમારી: ______________________________

સુથરી મહાતીર્થે પધારવાની તારીખ: ____________

ચાતુર્માસ દરમ્યાન રોકાણ **પર્યુષણ મહાપર્વ / દોઢ માસ / સંપૂર્ણ ચાતુર્માસ** માટેની આપની ભાવના.

**વિશેષ સુચનાઓ:**

૧. આરાધકોએ તેમને રોકાણ દરમ્યાન દૈનિક વપરાશની વસ્તુઓ/દવાઓ સાથે રાખશો.

૨. સરકાર માન્ય ફોટો અને સરનામા સાથેના આઇ.ડી. પ્રુફ સાથે લાવવું અનિવાર્ય રહેશે.

૩. રૂમ માટે તાળા-ચાવી સાથે લાવવા.

૪. આરાધકોએ આરાધના દરમ્યાન તમારા પરિવર્તુળ, મિત્ર મંડળ સાથે રહેવું પડશે.

૫. આરાધકોને ચાતુર્માસ સમય દરમ્યાન બહારગામ જવાનું થાય તો તેમણે કાર્યાલયમાં અવશ્ય જાણ કરાવવાની રહેશે.

૬. આરાધકો માટે રહેઠાણ (ઉતારાની) વ્યવસ્થા શ્રીસંઘ દ્વારા જ નક્કી કરવામાં આવશે.

૭. પ્રવેશ વખતે તેમજ પર્યુષણ મહાપર્વ માટે પધારનાર શ્રાવકો/શ્રાવિકાઓ માટેની વ્યવસ્થા, વ્યવસ્થાપક સમિતિ દ્વારા ડ્રો પદ્ધતિ દ્વારા નક્કી થશે.

૮. પર્યુષણ મહાપર્વ દરમ્યાન પધારનાર શ્રાવક/શ્રાવિકાઓને વાતાનુકુલિત રૂમની જરૂરીયાત હશે તો તે શ્રી સંઘના ધારાધોરણ મુજબ ઉપલબ્ધ થશે તેમજ નિરધારિત થયેલ રકમ ભરવાની રહેશે.

૯. ભોજનશાળાના દરેક નિયમોનું પાલન અનિવાર્ય રહેશે. આરાધકોને પોતાના ઉતારાએ ભોજનની સુવિધા પ્રાપ્ત નહીં થાય, અપવાદમાં જો આરાધક બિમાર હશે તો તેની સગવડ જરૂરથી મળશે.

૧૦. ચાતુર્માસ દરમ્યાન કોઇપણ આકસ્મિક અડચણો હશે તો તેની વૈકલ્પિક વ્યવસ્થા સ્થાનિક કાર્યકર્તાઓ સુચારૂ રીતે કરી આપશે.

૧૧. ગુરૂવાર, તા. ૦૧.૦૬.૨૦૨૩ સુધીમાં ફોર્મ ભરી મુંબઇ કાર્યાલયે મોકલવાના રહેશે.

૧૨. ઉતારાની વ્યવસ્થા કે નિયમોમાં ફેરફાર કરવાનો હક્ક શ્રી સુથરી ટ્રસ્ટ બોર્ડને રહેશે જે બધાને બંધનકર્તા રહેશે. સર્વે પ્રકારની વ્યવસ્થામાં આખરી નિર્ણય ટ્રસ્ટીઓ તથા વ્યવસ્થાપક સમિતિના સભ્યોનો રહેશે.

**નોંધ:** આ ફોર્મ સાથે સરકારમાન્ય ફોટો અને સરનામા સાથેનું આઇ.ડી. પ્રુફની નકલ અવશ્ય જોડવી.
ઉપરોક્ત સૂચન નં. ૧ થી ૧૨ની પ્રત્યેક સૂચનાઓ મેં વાંચી છે અને તે મને માન્ય છે. આ ફોર્મની ઝેરોક્ષ કરાવી ફોર્મ ભરીને મુંબઇ કાર્યાલયે મોકલાવશોજી.

સ્થળ: ____________ તારીખ: ____________ આરાધકની સહી: ____________

કચ્છ અબડાસાના સોનથરી કહેવાતા સુથરી ગામે શ્રી સુથરી તીર્થ શ્રી ઘૃતકલ્લોલ દાદાની અસીમ કૃપાએ તથા અચલગચ્છાધિપતિ શ્રીની કૃપા આજ્ઞાએ આ વર્ષે પ્રવર્તક પ.પૂ.મુનિરાજ શ્રી મલયસાગરજી મ.સા. તથા તથા પ.પૂ. મુનિરાજશ્રી રત્નાકરસાગરજી મ.સા.નું ચાતુર્માસ પ્રાપ્ત થયેલ છે. પ્રવેશ તા.૧૪ જુલાઈ રવિવારના પાવન દિવસે થશે.

આપ સૌ સુથરીવાસી ભાઈ બહેનો, નિયાણીઓ તથા આરાધકો ચાતુર્માસ આરાધના કરવા શ્રી સુથરી તીર્થે પધારી કર્મ નિર્જરા કરીને પુણ્યનું ભાથું ઉપાર્જિત કરો એવી સંઘની ઈચ્છા છે, જે માટે ચાતુર્માસ આરાધના ફોર્મ હમણાં ફક્ત દોઢ મહિનો કે ચાર મહિના પધારવાના છે તેમણે સંપૂર્ણ વિગત સાથે ભરીને સુથરી તીર્થ કાર્યાલયમાં ત્વરીત મોકલી આપવા જેથી યોગ્ય વ્યવસ્થા કરી શકાય. એવી સૂચના શ્રી સુથરી જૈન સંઘના ટ્રસ્ટીઓ તથા વ્યવસ્થાપક સમિતિ સભ્યો તરફથી અપાઈ છે.

# નૂતન દિક્ષીત મુમુક્ષુ નમ્યતાબેનનું સંયમજીવનનું નામ પ.પૂ.સા.શ્રી નમસ્કારગુણાશ્રીજી મ.સા. જાહેર થયું











તા.૫ મે ના ગોરેગામ સંઘમાં મુમુક્ષુ નમ્યતાબેનની દીક્ષા અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની પાવન નિશ્રામાં થયેલ. મુમુક્ષુનું સંયમી નામ પ.પૂ.સાધ્વીશ્રી નમસ્કારગુણાશ્રીજી મ.સા. જાહેર થયેલ. તેઓ પ.પૂ.સાધ્વીશ્રી મૌનગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી વંદનગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા જાહેર કરાયા હતા

# કોઠારા ગામે આકર્ષક અને ભવ્ય ‘કલાપૂર્ણમ પક્ષીઘર’ ખૂલ્લું મુકાયું : અબોલા ૪૦૦ પક્ષીઓને મળ્યું ઘર



કોઠારા પાંજરાપોળ મધ્યે શ્રી વાગડ કલાપૂર્ણમ્ સત્કાર્ય મહિલા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દાતાશ્રી ગંગાબાઇ જાદવજી નેણશી સંગોઇ મોટી ખાખરનાં સહયોગથી ચાર માળનું શ્રી કલાપૂર્ણમ્ પક્ષીઘર નિર્માણ કરાવી આપવામાં આવ્યું. આ પક્ષીઘરમાં ૪૦૦ થી ૫૦૦ અબોલા પક્ષીઓને આશ્રય મળશે. તેઓને રહેવા ઘર મળી રહેશે.

ગુણવંતીબેન વાડીલાલ છેડા તથા ગુણવંતીબેન જેતીલાલ મોતા કોઠારા તીર્થના દર્શનાર્થે પધારેલ અને ત્યારે પાંજરાપોળની મુલાકાત લીધેલ. અહીં પક્ષીઓ માટે ચબૂતરાની જરૂરિયાત ધ્યાને લઇ કોઠારા પાંજરાપોળ સ્થળે રૂપિયા પાંચ લાખનાં ખર્ચે ચાર માળનું આકર્ષક ચબૂતરો બનાવવાનું નક્કી કરી માત્ર બે મહિનામાં ચબૂતરાનું નિર્માણ કરાવી આપ્યું. ગુણવંતીબેન છેડા, ગુણવંતીબેન મોતા, હસમુખભાઇ સંગોઇ, લહેરચંદભાઇ મૈશેરી, નિર્મલાબેન મૈશેરી તથા શ્રી વાગડ કલાપૂર્ણમ્ સત્કાર્ય મહિલા ચેરીટેબલ ટ્રસ્ટનો આભાર માનવામાં આવેલ.

કોઠારા જૈન મહાજનશ્રીનાં ટ્રસ્ટી શ્રી દીનેશભાઇ અજાણીએ સ્વાગત પ્રવચન કરતાં દાતાશ્રીઓની અંતરની ભાવનાઓને બિરદાવી હતી. મહિલા ટ્રસ્ટને મોમેન્ટો અર્પણ કરી તેમનાં સત્કાર્યોને બિરદાવવામાં આવેલ. પ્રબોધ મુનવર, ધનપતિ લોડાયા, રાજેન્દ્રસિંહ કે. જાડેજા, દામજીભાઇ ચૌહાણ, રમીલાબેન લોડાયા, તોરલબેન શાહનંદ, દિપક નાગડા, પનુભા ધલ, સહિત અગ્રણીઓએ ઉપસ્થિત રહી જીવદયાનાં કાર્યને બિરદાવ્યું હતું. આકર્ષક ચબુતરો જોવા ગામ લોકો ઉમટી પડ્યા હતા.

# શ્રી સમસ્ત ક.દ.ઓ.સચ્ચાઈ પરિવાર આયોજિત શ્રી સચ્ચાઈ માતાની ત્રીજી સામૂહિક પહેડી યોજાઈ



તા.૨૭ એપ્રિલ શનિવાર સાંજે ૪ કલાકે આર.આર.સભાગૃહ મ્હાડા કોલોની, મુલુંડ ઈસ્ટ સ્થળે શ્રી સમસ્ત ક.દ.ઓ. સચ્ચાઈ પરિવાર આયોજિત શ્રી સચ્ચાઈ માતાની ત્રીજી સામૂહિક પહેડી ભક્તિ ભાવ સાથે યોજાઈ. જેનો લાભ બે હજાર ભાવિકો ઉપસ્થિત રહી લીધો હતો.

નૈવેદ્ય પહેડી જુહારવાના લાભાર્થી પરિવાર એક સદગૃહસ્થ, માતાજીની મૂર્તિને તેડી આવવાના લાભાર્થી માતુશ્રી રસિલાબેન માણેકજી લોડાયા પરિવાર સાંધવ, માતાજીની છબીને તેડી આવવાના લાભાર્થી માતુશ્રી વિજયાબેન કુંવરજી હરશી લોડાયા રાપર-ભાંડુપ, માતાજીને પોખવાના લાભાર્થી માતુશ્રી હંસાબેન હીરાચંદ અરજણ પટેલ બાંઢિયા-ઐરોલી, માતાજીને ફૂલહાર પહેરાવવાના લાભાર્થી માતુશ્રી કલ્પનાબેન ભવાનજી લોડાયા પરિવાર, માતાજીને ચુંદડી ઓઢાડવાના લાભાર્થી અ.સૌ.કલ્પનાબેન શામજી નરશી દંડ પરિવાર સાંધવ (મુલુંડ) પૂજામાં બેસવાના લાભાર્થી તનય નિલેશ દંડ સાંધવ, માતુશ્રી પ્રભાવંતીબેન મૂળજી લોડાયા (ભરૂડીયા-મુલુંડ), માતાજીને ચાંદીનો છતર ચડાવવાના લાભાર્થી માતુશ્રી સુશીલાબેન મણિલાલ કુંવરજી દંડ બાયઠ, માતાજીને આભૂષણ પહેરાવાના લાભાર્થી માતુશ્રી પ્રેમિલાબેન પદમશી લોડાયા સાંયરા હસ્તે રિતેશ, ધૂપ દીપના લાભાર્થી ધુલ્લા પરિવાર સાંધાણ ગામે નમતા ભાવિકો, માતાજીના થાળના લાભાર્થી અ.સૌ.રશ્મિબેન પ્રતાપ ચાંપશી લોડાયા તેરા મુલુંડ, માતાજીના આરતીના લાભાર્થી માતુશ્રી હિરાબેન કાનજી બીરમ લોડાયા હસ્તે પરમ-મેદાન સુથરી માટુંગા.

પહેડીના સ્તંભ દાતા પરિવાર માતુશ્રી ખેતબાઈ હંસરાજ લોડાયા પરિવાર સાંધવ મુલુંડ, માતુશ્રી વિમલાબેન ઠાકરશી લોડાયા પટેલ પરિવાર મુલુંડ, માતુશ્રી નિર્મલાબેન નવીનચંદ્ર લોડાયા પરિવાર રાપરગઢવાળી મુલુંડ, માતુશ્રી વેલબાઈ લધુભાઈ લોડાયા આરીખાણા સુથરી મુલુંડ, માતુશ્રી હેમલતાબેન નલિનકાન્ત પીર પરિવાર નલિયા મુલુંડ, માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી લોડાયા પરિવાર બાયઠ-મુલુંડ, માતુશ્રી સુશીલાબેન મણિલાલ દંડ પરિવાર હસ્તે કિરણ દંડ ગોધરા વાશી તથા માતુશ્રી ધનબાઈ રતનશી અરજણ ધ્રોળ પરિવાર અમેરિકા.

પહેડીના સહયોગી દાતા પરિવાર માતુશ્રી લક્ષ્મીબેન વેલજી લોડાયા, બાંડીયા-મુલુંડ, વિરેન્દ્ર રાઘવજી લોડાયા, બાંડીયા-અમદાવાદ, માતુશ્રી સોનબાઈ રાયચંદ લોડાયા, દલતુંગી-ડોંબિવલી, શ્રી નવીન ધનજી લોડાયા, દલતુંગી-મસ્જિદબંદર, કચ્છ ગોધરા-કોટડી મહાદેવપુરીને નમતા ભાવિકો ધ્રોળ પરિવાર, ગોધરા-કોટડી, માતુશ્રી ચંપાબાઈ રાયચંદ લોડાયા હસ્તે મનીષા નરેન્દ્રભાઈ ગોરખડી-ઈન્ડોનેશિયા, માતુશ્રી કસ્તુરીબાઈ રાયચંદ લોડાયા, કોઠારા-વાશી, માતુશ્રી પ્રેમાબાઈ લાલજી

# શ્રી સમસ્ત ક.દ.ઓ.સચ્ચાઈ પરિવાર આયોજિત શ્રી સચ્ચાઈ માતાની ત્રીજી સામૂહિક પહેડી યોજાઈ

લોડાયા, કોઠારા-મુલુંડ, રતિલાલ ધનજી લોડાયા અજાણી, કોઠારા-ઘાટકોપર, શ્રીમતી કલ્પનાબેન શાંતિલાલ લોડાયા, કોઠારા-વાપી, માતુશ્રી જયવંતીબેન લાલજી દંડ, પરજાઉ-નાહુર, અ.સૌ.વિજયાબેન ભદ્રીચંદ લોડાયા, રવા-કાંજુરમાર્ગ, કુ. રૂતવી ધર્મિતા અનુજ લોડાયા, રવા-ડોંબિવલી, પ્રેમ ગુલાબચંદ ચુરલા, સાંધાણ-મુલુંડ, પારસ રાજેન્દ્ર ચુરલા પરિવાર, સાંધાણ-મુલુંડ, માતુશ્રી જમકુબાઈ લાલજી લોડાયા પટેલ, સાંધવ-મુલુંડ, માતુશ્રી નવલબાઈ ભવાનજી દંડ સાંધવ-મુલુંડ, શ્રીમતી દમયંતીબેન ચાંપશી લોડાયા, સાંધવ-ઘાટકોપર, માતુશ્રી દેવકાંબાઈ શામજી લોડાયા, સાંધાણ-કલવા હસ્તે ઉત્તમભાઈ અને રાયચંદભાઈ, અ.સૌ.પુષ્પાબેન પ્રવીણ લોડાયા, અ.સૌ.પ્રીતિબેન પ્રકાશ લોડાયા સાંધવ-થાણા, માતુશ્રી જયાબેન શાંતિલાલ લોડાયા, સાંયરા-મુલુંડ, માતુશ્રી વેલબાઈ



દામજી નરશી ધ્રોળ સાંયરા-ડોંબિવલી, માતુશ્રી નેણબાઈ હીરજી લોડાયા, મંજલ રેલડીયા-ડોંબિવલી, મધુકર ઝવેરચંદ લોડાયા, સાંયરા-માટુંગા, શ્રી પ્રફુલ્લ ધનજી લોડાયા મંજલ રેલડીયા-ભાંડુપ, માતુશ્રી હેમલતાબેન પ્રતાપ લોડાયા, સુથરી-મુલુંડ, માતુશ્રી સરોજબેન મૂળજી ધુલ્લા સુથરી-વાશી, મહેશ લક્ષ્મીચંદ લોડાયા સુથરી-મુલુંડ, માતુશ્રી જયવંતીબેન ખીમજી કરમશી લોડાયા, મોટી ખાવડી-મુલુંડ, માતુશ્રી રંજનબેન પ્રવીણ કુંવરજી હીરજી લોડાયા, મોટી ખાવડી-કાંદિવલી, માતુશ્રી ગોમાબાઈ હેમરાજ લોડાયા હસ્તે કિંજલ ઉત્તમભાઈ, મોટી ખાવડી-ઘાટકોપર, શ્રી શાંતિલાલ શામજી શાહ, મોટી ખાવડી-મસ્જિદ બંદર, માતુશ્રી રતનબેન ભવાનજી લોડાયા, મોટી સિંધોડી-ડોંબિવલી, માતુશ્રી જયાબેન ઝવેરચંદ લોડાયા, નલિયા-અંધેરી, જીતેન્દ્ર ઉમરશી લોડાયા, નલિયા-ઘાટકોપર, શ્રી નરેન્દ્ર દામજી લોડાયા, નલિયા-મુલુંડ, માતુશ્રી સોનબાઈ સોમચંદ કાનજી હ.પ્રફુલ્લભાઈ નાની ખાવડી-આકોલા, માતુશ્રી પુષ્પાબાઈ પદમશી સાયલા, તેરા-મુલુંડ, માતુશ્રી તારાબેન જવેરચંદ લોડાયા હ. સંજયભાઈ, તેરા-મુલુંડ, ભવાનજી દેવશી લોડાયા, વાંકુ-મુલુંડ, માતુશ્રી પદમાબેન અશોક ભેદા વારાપધર-મુલુંડ, માતુશ્રી જયાબેન હંસરાજ વિકમશી હસ્તે વિજય વિકમશી વારાપધર-ડોંબિવલી, માતુશ્રી ચંદનબેન દેવશી લોડાયા વરાડીયા-ઘાટકોપર, એક સદ્‌ગૃહસ્થ, ભાંડુપ.

આયોજક સમિતિમાં પ્રમુખ પ્રવીણ હંસરાજ લોડાયા આરીખાણા મુલુંડ, ઉપપ્રમુખ ગોવિંદજી લાલજી પટેલ સાંધવ મુલુંડ, માનદમંત્રી વીરચંદ નરશી લોડાયા, રાપર મુલુંડ, વિપુલ ઠાકરશી પટેલ સાંધવ મુલુંડ, વીરેન્દ્ર ભવાનજી લોડાયા નલિયા મુલુંડ, ખજાનચી સંદીપ નવીનચંદ્ર લોડાયા સાંધવ મુલુંડ, રમેશ મૂરજી લોડાયા ભરૂડિયા મુલુંડ.

પહેડીમાં બે હજાર ભાવિકો પધાર્યા હતા અને દર્શન પ્રસાદનો લાભ લીધો હતો.

## સચ્ચાઈ માતાની ૨૦મી સમૂહ પહેડીનો યુટ્યુબ

## વીડિયો અહીં ક્લિક કરીને જુઓ

## ૪.૫૪ કલાકનો ભવ્ય કાર્યક્રમ ઘર બેઠા જોઈ માણી શકશો

# શ્રી સુમતિનાથ જૈન શ્વેતાંબર મંદિર ટ્રસ્ટ મલકાપૂરના આંગણે વર્ષીતપ પારણોત્સવનું આયોજન સંપન્ન થયું







મહારાષ્ટ્ર રાજ્યના મલકાપુર નગરના શ્રી સુમતિનાથ જૈન શ્વેતાંબર મંદિર ટ્રસ્ટના આંગણે પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ની પાવન સભર નિશ્રામાં પ.પૂ.સાધ્વીશ્રી ચૈત્યગુણાશ્રીજી મ.સા.ના વર્ષીતપ પારણોત્સવનું આયોજન કરાયું. પ્રથમ દિવસે શ્રી અર્હદ અભિષેકનું તેમજ બપોરના સત્રમાં શ્રી આદિનાથ પંચકલ્યાણક પૂજનનું આયોજન વિધિકાર રાજુભાઈ શાહના સંગાથે યોજાયેલ.

લાભાર્થી પરિવાર સંઘપતિ નરશીભાઈ જેઠાભાઈ દંડ પરિવાર તથા માતુશ્રી તારાબાઈ હીરજી લોડાયા પરિવારએ લાભ લીધેલ.

---

# શ્રી ક.દ.ઓ.જી.વી.સી.જૈન સંઘમાં નમિઉણ મહાપૂજનની ધર્મ આરાધના થઈ







શ્રી કચ્છી દશા ઓસવાલ જી.વી.સી.જૈન સંઘ ઘાટકોપરના આંગણે શ્રી અનંતનાથ પ્રભુના જન્મ કલ્યાણક દિને પ.પૂ. સાધ્વીશ્રી સિધ્ધિવર્ષાશ્રીજી મ.સા. આદિઠાણાની પાવનકારી નિશ્રામાં શ્રી નમિઉણ મહાપજૂન વિધિકાર નિખિલ અમૃતલાલ હરિયા બાડાના સંગાથે ધર્મભાવ ભક્તિ પૂર્ણ રીતે ભણાવવામાં આવેલ.



# મુમુક્ષુ નમ્યતાબેનની દીક્ષા નિમિત્તે ગોરેગામ ઉપાશ્રયમાં શ્રી મહાકાળી માઁની ભક્તિ ભાવના યોજાઈ

પ.પૂ.સાધ્વીશ્રી મૌનગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૮ની નિશ્રામાં ગોરેગામ સંઘ ઉપાશ્રયે મુમુક્ષુ નમ્યતાબેન હીના અનિલ નાગડા જખૌની દીક્ષા નિમિત્તે નાગડા તથા કુરવા પરિવાર તરફથી શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપ દ્વારા શ્રી મહાકાળી માઁની ભક્તિ ભાવના ભવ્ય ભાવ સાથે યોજાઈ હતી.







# નૂતન દિક્ષીત પ.પૂ.સાધ્વીશ્રી નમસ્કારગુણાશ્રીજી મ.સા.એ સંયમ જીવનના પ્રારંભે કપરા નિયમો, અભિગ્રહોના પચ્ચખાણ લીધા

હાલમાં ગોરેગામ સંઘમાં નૂતન દિક્ષીત પ.પૂ.સાધ્વીશ્રી નમસ્કાર ગુણાશ્રીજી મ.સા.ની દીક્ષા થયેલ સંયમ જીવનનું પચ્ચખાણ લેતાં જ તેનું સુંદર પાલન થાય તે માટે કપરા નિયમો અભિગ્રહો લઈ લીધા. જે તેમના તપ નિષ્ઠા સંદર ભાવના દર્શાવે છે. અભિગ્રહણ કરેલ નિયમોમાં ૧) ૫ વર્ષ સંસારીઓ સાથે સંપૂર્ણ મૌન (૧૦ મિનિટની છૂટ વધારે નહીં ૨) બધુ મિક્સ કરીને વાપરવું (૪-૫ દ્રવ્ય) ૩) ગુરૂ પ્રત્યે અહોભાવ ઘટે તો ૨ દ્રવ્યથી આયંબિલ ૪) રત્નાદિક દુર્ભાવ આવે તો ૨ દ્રવ્ય એકાસણા ૫) સંસારી પ્રત્યે દુર્ભાવ આવે તો પ્રાયશ્ચિત ૬) દિવસ દરમ્યાન બે વિગઈથી વધારે ન વાપરવું ૭) દિવસ દરમ્યાન જે પરિણામો આવે ગુરૂ સાથે શેર કરવું. ૮) આત્મચિંતન માટે દરરોજ ૧૫ મિનિટ ૯) એસીનો બાધ ૧0) ફોન ઉપર વાત નહીં સંપૂર્ણ ત્યાગ.

ગુરૂ મહારાજને સંયમ જીવનના ૧૮ વર્ષ પૂર્ણ થયા છે એટલે (૧+૮=૯) નવ નિયમ લીધા છે.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# Anumodana

## Sanjivani Case - 138

**Name : Mr. Fatehchand J. Shah (Nagda), Age : 55 yrs. Village: Naliya (Haal: Barshi)**

| | |
|---|---|
| Shri Anantnathji Maharaj Jain Temple & it's Sadharan fund Trust, Mumbai | 20,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Mumbai | 1,00,000.00 |
| **Uranium Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur, Dadar | 20,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Sheth Shri Narshi Natha Charity Trust Fund, (Mumbai / Naliya / Palitana) | 25,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Naliya | 21,000.00 |
| Shri KDO Jain Maharashtra Ekkam | 5,000.00 |
| Shri D.B.K.D.O. Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Coimbatore | 5,000.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shri KDO Masjidbunder Jain Sangh | 2,500.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Kolkatta | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Gandhidham | 2,000.00 |
| Matushri Purbai Lakhamshi Lalka Charitable Trust, Kutch | 2,100.00 |
| M/s. Deluxe Logistics Pvt. Ltd., (Shri Kirti Dhanji Dharamshi - Bangalore) | 2,000.00 |
| **Platinum Patron** | |
| Matushri Gunvanti J. Momaya, Varadia, Banglore | 2,500.00 |
| Swargiya Uttambhai K. Khona (Haste Smt. Khamaben U. Khona) Kothara, Sangli | 2,500.00 |
| Shri Tokarshi Anandji Lalka, Lala, Vashi, Navi Mumbai | 2,500.00 |
| **Diamond Patron** | |
| Late Smt. Hemlata Mulchand Nagda (H: Shri Bhavin T. Nagda) Tera, Mumbai | 2,000.00 |
| Late Shri Mulchand Visanji Nagda (H: Shri Manikant Visanji Nagda) Tera, Mumbai | 2,000.00 |
| Shri Hans B. Khimji, Tera, Matunga | 2,000.00 |
| Mrs. Neetaben Jaldeep Daulat, Las Vegas, USA | 2,000.00 |
| Shri Pratap P. Dharamshi ( H: Anjana P. Dharamshi ), Mumbai | 2,000.00 |
| **Gold Patron** | |
| Shri Ramesh Trikamji Soni, Vanku, Wadala | 2,000.00 |
| Matushri Velbai Devji Khona, Arikhana, Ahmedabad | 2,000.00 |
| Shri Khirendra Govindji Lodaya ( H: Usha K. Lodaya) Naliya , Vadodara | 2,000.00 |
| Matushri Dhanbai Premji Narpar Shah (Lodaya) (H: Tejal Rajesh Shah) Moti Sindhodi, Wadala | 2,000.00 |
| **Individual Donors** | |
| Well Wisher, Silent Donor | 2,01,000.00 |
| Shri Motichand Lalji Khona, Naliya - Mulund | 20,000.00 |
| Shrimati Alpa Gautam Dharamshi, Kothara - Bangalore | 10,000.00 |
| Shrimati Madhuben Hirachand Dand, Lala - Mulund | 10,000.00 |
| Matushri Sumtiben D Khona Parivar, Cochin - U.S.A. - Naliya | 10,000.00 |
| Shri Jitendra Devshi Khona, Naliya - Coimbatore | 10,000.00 |
| Shri Dnyanesh Chimanlal Dagha, (Patronic Eboards Pvt. Ltd.) Varadiya - Pune | 5,000.00 |
| Shrimati Pushpaben Hansraj Chatrabhoj Khona, Vapi ( Shree Sai Flexi Foils) | 5,000.00 |
| Shrimati Hina Hemant Manekji Shah Lodaya, Varadiya - Winnipeg Canada | 5,000.00 |

| | |
|---|---|
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 7,500.00 |
| Matushri Lilavantiben Navinchandra Lodaya, Nani Khavdi, Coimbatore | 2,500.00 |
| Well Wisher | 2,000.00 |
| Shri Niranjan Narshibhai Lodaya, Anjar | 2,000.00 |
| Shri Hanskumar Laxmichand Chheda, Sujapur - Bhandup | 2,000.00 |
| Shrimati Vaishali Lalit Shah, Varapadhar - Hyderabad | 2,000.00 |
| Shri Bharat Thobban Lodaya, Calicut | 1,001.00 |
| Shri Chandresh Lodaya | 1,001.00 |
| Shri Nitin Raichand Shah, Suthari - Bhandup | 1,000.00 |
| Shri Hukumchand Javerchand Dharamshi | 1,000.00 |
| Shrimati Hemlata Zaverchand Lalka | 1,000.00 |
| Shri Pomesh Hirachand Momaya | 500.00 |
| Shri Rohit Jivraj Poladia | 500.00 |
| Well Wisher | 202.00 |
| Previous Case Balance (No. 127) | 48,156.00 |
| Previous Case Balance (No. 136) | 62,115.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# Anumodana

**Sanjivani Case - 139**

**Name : Miss. Sakshi S. Nagda, Age : 10 yrs. Village: Parjau (Haal: Tirupur)**

| | |
|---|---|
| Shri Anantnathji Maharaj Jain Temple & it's Sadharan fund Trust, Mumbai | 10,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shri D.B.K.D.O. Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Coimbatore | 5,000.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 3,000.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shri KDO Masjidbunder Jain Sangh | 2,500.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Kolkatta | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Gandhidham | 1,500.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Tera | 1,500.00 |
| M/s. Deluxe Logistics Pvt. Ltd., (Shri Kirti Dhanji Dharamshi - Bangalore) | 2,000.00 |
| **Individual Donors** | |
| Matushri Jayaben Motilal Lodaya, Motikhavdi - Ghatkopar | 11,000.00 |
| Shrimati Rekha Sunil Khona, Sujapar - Bangalore | 10,000.00 |
| Shri Motichand Lalji Khona, Naliya - Mulund | 10,000.00 |
| Shrimati Alpaben Gautam Dharamshi, Kothara - Bangalore | 10,000.00 |
| Shrimati Pushpaben Hansraj Chatrabhoj Khona, Vapi ( Shree Sai Flexi Foils) | 5,000.00 |
| Shrimati Madhuben Hirachand Dand, Lala - Mulund | 5,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Shrimati Sarla Kishor Chheda | 3,000.00 |
| Shri Manish J. Shah, Jakhau - Bangalore | 2,500.00 |
| Shrimati Leelavantiben Navinchandra Lodaya, Nani Khavdi - Coimbatore | 2,500.00 |
| Well Wisher | 2,000.00 |
| Shri Rajendra Umarshi Desai (Lapasiya), Raichur | 2,000.00 |
| Shri Bharat Thobban Lodaya, Calicut | 1,001.00 |
| Shri Chandresh Lodaya | 1,001.00 |
| Well Wisher | 1,000.00 |
| Shri Hukamchand J. Dharamsey, Manjal Reladia | 1,000.00 |
| Matushri Navalben Jetshi Shial, Daltungi - Dombivli | 1,000.00 |
| Shri Nitin Raychand Sayla, Suthari - Bhandup | 1,000.00 |
| Shrimati Hemlata Zaverchand Lalka, Varapadhar - Ghatkopar | 1,000.00 |
| Shri Rohit Jivraj Poladia | 500.00 |
| Shri Deepesh C. Shah | 500.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# Anumodana

## Sanjivani Case - 140

**Name : Mr. Rajesh Hirachand Mota, Age : 48 yrs. Village: Tera (Haal: Dombivli)**

| | |
|---|---|
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Mumbai | 35,000.00 |
| **Uranium Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur, Dadar | 10,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shri D.B.K.D.O. Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 3,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Tera | 2,500.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Gandhidham | 1,500.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Bangalore | 1,500.00 |
| Matushri Purbai Lakhamshi Lalka Charitable Trust, Kutch | 2,000.00 |
| **Platinum Patron** | |
| Matushri Gunvanti J. Momaya, Varadia, Banglore | 2,500.00 |
| Swargiya Uttambhai K. Khona (Haste Smt. Khamaben U. Khona) Kothara, Sangli | 2,500.00 |
| Shri Tokarshi Anandji Lalka, Lala, Vashi, Navi Mumbai | 2,500.00 |
| **Diamond Patron** | |
| Matushri Damyantiben Champshi Lodaya, Sandhav, Ghatkopar, Mumbai | 2,000.00 |
| Kumari Chandni Milan Maheshwari, Jakhau - Pune | 2,000.00 |
| Shrimati Hansha Shah,Naliya, Mahalaxmi ( H: Nirupamaben) | 2,000.00 |
| Well Wishers (Ek Sadgrahasth) | 2,000.00 |
| Shrimati Rita Manikant Lodaya | 2,000.00 |
| Shri Shirishbhai Devji Nagda & Smt. Manishaben Shirish Nagda, Rangpur - Coimbatore ( H: Rahul & Aarti, Sandeep & Deborah) | 2,000.00 |
| Master Vihaan Pratik Dand ( H: Hirahand Damji Dand - Manjal Reladia - Mumbai | 2,000.00 |
| Jakhau Ratnatunk Jain Temple & its Sadharan Fund Trust | 2,000.00 |
| **Gold Patron** | |
| Shri Ramesh Trikamji Soni, Vanku, Wadala | 2,000.00 |
| Matushri Dhanbai Premji Narpar Shah (Lodaya) (H: Tejal Rajesh Shah) Moti Sindhodi, Wadala | 2,000.00 |
| **Individual Donors** | |
| Well Wisher (Silent Donor) | 1,81,000.00 |
| Shri Motichand Lalji Khona, Naliya - Mulund | 10,000.00 |
| Shrimati Alpaben Gautam Dharamshi, Kothara - Bangalore | 10,000.00 |
| Shrimati Pushpaben Hansraj Chatrabhoj Khona, Vapi ( Shree Sai Flexi Foils) | 5,000.00 |
| Shrimati Madhuben Hirachand Dand, Lala - Mulund | 5,000.00 |
| Shri Tekuladhu Jain Sangh | 5,000.00 |
| Kumar Dhaval mayur Lodaya (H: Matushri Jayaben Motilal Lodaya Parivar, Moti Khavdi - Ghatkopar) | 5,000.00 |
| Shri Niranjan Narshi Lodaya, Anjar | 5,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Shri Harish Thakershi Shiyad | 3,000.00 |
| Well Wisher | 2,000.00 |
| Shri Hitesh D Khona | 2,000.00 |
| Shri Ratilal Shamji Shah (Momaya) | 1,000.00 |
| Shri Ravi Navin Shah | 1,000.00 |
| Shri Bhavesh Nayan Shah, Ahmedabad | 1,000.00 |
| Shri Nitin Raychand Sayla, Suthari - Bhandup | 1,000.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj
The taste of tradition

KDO BUSINESS

KDO SANJIVANI

**80G સર્ટિફીકેટ**

# C.S.R.

CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO દિવ્યાંગ

સ્વાભિમાન

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

# ભાવભીની શ્રદ્ધાંજલિ




**ચંદનબાલા નાગડા**
તા.૧૧ મે (ઉ.૭૨)
પરજાઉ–નાશિક



**દમયંતીબેન પાઠક**
તા.૬ મે (ઉ.૮૫)
કુંકાવાવ–થાણે
પુરબાઈ ચાંપશી ખોનાની પુત્રી




**અરવિંદભાઈ દંડ**
તા.૭ મે (ઉ.૬૮)
ભરૂડીયા–રાજકોટ



**કાંતિલાલ ડાઘા**
તા.૫ મે (ઉ.૬૦)
દલતુંગી–ડોંબિવલી



**જયાબાઈ ગોસર**
તા.૬ મે (ઉ.૮૨)
વારાપધર–બુરહાનપુર



**દિલીપભાઈ લોડાયા**
તા.૮ મે (ઉ.૬૬)
વારાપધર–ડોંબિવલી



**નારાણજીભાઈ નાગડા**
તા.૯ મે (ઉ.૯૬)
તેરા–ડોંબિવલી



**ભૂપેન્દ્રભાઈ ગાલા**
તા.૬ મે (ઉ.૭૩)
કોટડી મહાદેવપુરી–ડોંબિવલી



**લલીતાબેન લોડાયા**
તા.૬ મે (ઉ.૮૪)
દલતુંગી–યલવીંગી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**




● દિલ્હીમાં આ વર્ષની પ્રજાસત્તાક પરેડમાં ગુજરાત રાજ્ય તરફથી ધોરડો, ગુજરાતના સરહદી પ્રવાસનની વૈશ્વિક ઓળખ વિષય પર આધારિત રજૂ થયેલો ટેબ્લો સંખ્યા બંધ વિશેષતાઓને લીધે લોકોના આકર્ષકનું કેન્દ્ર બન્યું હતું. ટેબ્લો સાથે રજૂ થયેલ કચ્છી ગીત રાણો અચીંધો રાજ મેં ભેણું એ ગરબો હલકદાર અવાજમાં કચ્છની જાણીતી લોકગાયિકા દિવાળીબેન ડાંગરે ગાયેલો તેઓ ભુજ તાલુકાના નાડાપા ગામના રહેવાસી છે અને કલાકારોમાં દિવાળીબેન આહિર નામે ઓળખાય છે. આ વર્ષના ટેબ્લોને ઓનલાઈન પોલ દરમ્યાન સૌથી વધુ મતો મેળવી શ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ વખતની પરેડમાં માંડવી તાલુકાના કોડાય ગામના માલધારી પરિવારની અને બીએસએફમાં ફરજ બજાવતી હુરબાઈ મહમદ હુસેન જુણેજાએ બુલેટ પર કરતબો રજૂ કરી પ્રેક્ષકોના દિલ જીતી લીધાં હતાં.

● ભારતની સૌથી મોટી મેરેથોન સ્પર્ધા એવી તાતા મુંબઈ મેરેથોન ૨૦૨૪માં આ વર્ષે ૬૦ હજારથી વધુ લોકો વિવિધ કેટેગરીમાં દોડ્યા હતા. ૪૨ કિલો મીટરની ફૂલ મેરેથોનમાં ૮૦૦૦ દોડવીરો ભાગ લીધો હતો. જેમાં ભુજ રનર્સ ગ્રૂપના ૧૫ જેટલા સભ્યોએ આમાં હિસ્સો લઈ સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી. સમાજમાં સ્વાસ્થ્યનું જતન કરવામાં સ્પોર્ટસનું મહત્વ છે એનો સંદેશો આપ્યો હતો.

● કેન્દ્ર સરકાર દ્વારા જારી કરાયેલ વચગાળાના અંદાજપત્રમાં ગુજરાતની વિવિધ પરિયોજના માટે આઠ હજાર કરોડની રકમ ફાળવવામાં આવી છે. તે પૈકી કચ્છ માટે ગેજ પરિવર્તન અને વધારાની રેલવે લાઈન માટે ૪૯૦ કરોડની જંગી રકમની ફાળવણી કરવામાં આવી છે. સામખિયાળી ગાંધીધામ અને આદિપુર ગાંધીધામ વચ્ચે ચાર લાઈનની યોજનાને મંજૂર કરવામાં આવી છે. બજેટમાં સામખિયાળી-ગાંધીધામ વચ;ચે વધારાની બે લાઈન નાખવા માટે ૧૦૦ કરોડ જેટલી જંગી રકમની ફાળવણી કરવામાં આવી છે. સંરક્ષણની દૃષ્ટિએ મહત્વના અને લાંબા સમય સુધી વિલંબમાં રહેલા ભુજ નલિયા બ્રોડગેજ પ્રોજેક્ટ માટે ગત વર્ષે ૭૯૦ કરોડની રકમ ફાળવાઈ હતી. આ વખતે વાયોર સુધી લંબાવવામાં આવેલી લાઈન માટે ૩૫૦ કરોડ મંજૂર કરવામાં આવી છે. વાયોર સુધી ૨૫ કિ.મી.ની લાઈન મંજૂર થયેલ હતી હવે રકમ ફાળવાઈ છે. ભુજ નલિયા પ્રોજેક્ટ વિલંબિત થતાં ૩ હજાર કરોડ સુધીનો ખર્ચ થવાનો અંદાજ છે.

● અમદાવાદમાં સિનેમેજિક એવોર્ડ કાર્યક્રમમાં કચ્છના કબીર તરીકે ઓળખ ધરાવતા કાવડિયા સંત મેકરણ દાદા પર ગુજરાતી ફિલ્મની જાહેરાત કરી પોસ્ટર લોન્ચ કરવામાં આવ્યું હતું. ટૂંક સમયમાં કચ્છ તેમજ ગુજરાતના વિવિધ સ્થળોએ શૂટિંગ માટેની તૈયારીઓના ભાગ રૂપે કલાકારોના ચયનની પ્રક્રિયા શરૂ થઈ છે.

● ગુજરાત રાજ્યના અંદાજપત્ર દરમ્યાન વર્ષ ૨૦૧૧માં કરાયેલી વસતી ગણતરી પ્રમાણે ૨.૪૮ લાખની વસ્તી અને હાલે ૪ લાખ જેટલી અંદાજિત વસ્તી હોવાના દાવા વચ્ચે ગાંધીધામ જેનું ક્ષેત્રફળ ૨૯.૧૯ ચો કિ.મી. છે જે તમામ બાબતોને આવરી લઈને મહાનગરપાલિકા બનાવવાનો પ્રસ્તાવ મૂકાયો છે. જિલ્લાનું આમ પ્રથમ મહાનગરપાલિકા ધરાવતું મહાનગર ગાંધીધામ બનશે. ગાંધીધામ ઉપરાંત આસપાસના વિસ્તારો અંતરજાળ, કિડાણા મેઘપર, બોરીચી સહિતના ગ્રામ્ય વિસ્તારોને સમાવવા માટેની શક્યતા ચકાસવામાં આવશે.

● દુબઈ ખાતે યોજાયેલી એશિયન પાવર લિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં ભારતનું પ્રતિનિધિત્વ ગાંધીધામ ખાતે રહેતા કાશ્મીરી પંડિત પરિવારની દીકરી વંદના કોલએ કર્યું હતું. જેમાં સિનિયર ઓપન મહિલા વિભાગમાં ડેડ લિફ્ટ અને બેન્ચ પ્રેસ બંન્ને શ્રેણીમાં ગોલ્ડ મેડલ મેળવ્યા હતા. આમ ઈરાન, ઈરાક, અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને મલેશિયાના પ્રતિસ્પર્ધીઓ સામે તેમણે અસાધારણ પ્રદર્શન કર્યું હતું. તેણી છ વર્ષની એક સંતાનની માતા છે.


Sure Safety
Complete Safety Solutions
ONE STOP SAFETY SOLUTION PROVIDER
ALL INDIA DEALERS WANTED
Drive your growth with India's biggest PPE brand SAVIOUR
Freedom Helmet
Saviour Electric Arc Suit
Saviour Safety Harness
Saviour Foldable Ear Muffs
Di-electric Boots
Saviour Work-wear Cotton Coverall
Saviour Safety Glasses
Flash Lights
Saviour 'PRO' BA Set with Composite Cylinder
Saviour Chem Pro Gloves
N95 Mask
Saviour Lion Safety Shoes
We manufacture India's biggest & most trusted PPE brand SAVIOUR
Reliable | Transparent | Assured Guarantee
SAVIOUR
Performing PPE
Contact: + 91 8511495152 | sales@suresafety.com | www.suresafety.com



DON'T
Compromise!
Portability Benefits Available
"HEALTH INSURANCE"
COMPARE, SCRUTINIZE & DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA